રજુ તારીખ :– ૦૪/૦૮/૨૦૨૬
દાખલ તારીખ:– ૦૪/૦૮/૨૦૨૬
ફેસલ તારીખ:– ૦૪/૦૮/૨૦૨૬
અવધિ : વર્ષ : માસ : દિવસ :

# ગઢડાના મહેરબાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં.

**ફો.કે.નં.૧૩૨૦/૨૦૨૬**

**આંક–**

શ્રી સરકાર. .......ફરીયાદી.

**વિરુધ્ધ**

૧. જગદીશભાઈ પ્રભુભાઈ સોલંકી, ઉ.વ.૨૭
રહે. ગોરડકા,તા.ગઢડા, જી.બોટાદ ......આરોપી.

**ગુન્હો:– મોટર વ્હીલ એકટની કલમ –૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ– ૬૬–૧–બી મુજબ**

## ચૂ કા દો

**૧.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે, આરોપીએ ચાર્જશીટ મા જણાવેલ સ્થળ, સમય અને તારીખે પોતાના હવાલા વાળુ વાહન આડી અવળી ચલાવી આવતા હોય જેથી તેને રોકી ઉભો રખાવી મજકુર ઈસમને ચેક કરતા મજકુર ઈસમે કેફી પીણુ પીધેલ હોય મજકુર ની આખો જોતા નશા યુકત જોવામાં આવેલ મજકુરને હલાવી ચલાવી જોતા હલાવી ચલાવી જોતા ચાલી શકતો ન હોય અને કેફી પીણુ પીધેલ હાલતમાં હોય મજકુરને કેફી પીણુ પીવા અંગે પાસ પરમીટ માંગતા પાસ પરમીટ નહી હોવાનુ જણાવી મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ તથા પ્રોહીબીશન એકટ કલમ ૬૬–૧–બી મુજબના ગુના અન્વયે હાલના આરોપીની અટક કરેલી અને તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા, આરોપી વિરુધ્ધ એમવીએ કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એકટ કલમ ૬૬–૧–બી મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા સારુ બી.એન.એસ.એસ.ની કલમ– ૧૯૩ અન્વયે ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ રાખેલ છે.

**૨.** આજરોજ ચાર્જશીટ સાથે આરોપી હાજર થતા પ્રથમ તેઓને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ છે અને આરોપીની **આંક–૫** મુજબ પ્લી નોધતા, આરોપીએ ગુન્હાનો સ્વૈચ્છિક સ્વિકાર કરેલ છે. અને **આંક–૪** થી આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ હોવાનુ પુરસીસથી જાહેર કરેલ છે આરોપી જયારે ગુન્હાની કબુલાત કરતા હોય ત્યારે સ્વિકૃતિથી વિશેષ કોઈ પુરાવો ન હોય, સદર હકીકત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી.

**૩.** આ કામમાં આરોપી તરફેના વિ.વ.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુન્હો છે, આરોપી સામાન્ય વર્ગના માણસ છે, કુંટુબના જવાબદાર વ્યકિત છે, ભવિષ્યમા ફરી આવો ગુન્હો નહી બને તેની પુરતી કાળજી રાખશે, જેથી રહેમ રાખવા અરજ કરેલ છે.

**૪.** રેકર્ડ વંચાણે લેતા તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા આરોપીએ જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે, કુંટુંબની તમામ જવાબદારી તેમના શીરે છે, ગરીબ માણસ છે, ભવિષ્યમાં આવો ગુન્હો નહી કરવાની ખાતરી આપે છે. ગુન્હા બદલ પોતાનો પસ્તાવો જાહેર કરે છે. આરોપીની કબુલાત તેમના વિરુઘ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આપવા છતાં આરોપીઓ રાજી–ખુશી અને સ્વેચ્છાએ ગુન્હાની કબુલાત કરતા હોય સદર કબુલાત સ્વિકારવામાં આવેલ છે. વધુમાં આરોપીની સ્થિતિ ઘ્યાને લેતા તેમજ ગુન્હાનો પ્રકાર, સજાની જોગવાઈ ઘ્યાને લઈ તેમજ આરોપીની ગુન્હા કબુલાત પુરસીસ તથા ગુન્હા કબુલાતની પ્લી અને કેસની હકીકત વંચાણે લેતા આરોપી સામેનો એમવીએકટની કલલમ ૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ– ૬૬–૧–બી મુજબનો ગુન્હો હું સાબીત થયેલો ગણુ છુ અને તે હકીકત માન્ય રાખી નીચે મુજબ હુકમ કરવો ન્યાયી, વ્યાજબી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છે.

## **આ ખ રી હુ ક મ**

**૧.** ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–રપર અન્વયે આ કામના આરોપીને મોટર વ્હીકલ એકટની કલમ –૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ– ૬૬–૧–બી મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ ના શિક્ષાપાત્ર ગુન્હાના ભંગ આરોપીને **રૂા. ૫૦૦૦/–** તથા પ્રોહીબીશન એકટની કલમ– ૬૬–૧–બી ના શિક્ષાપાત્ર ગુન્હાના ભંગ આરોપીને **રૂા.૩૦૦/–** નો દંડ મળી **કુલ રકમ રૂા.૫૩૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર ત્રણસો પુરા)** નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દડંની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો આરોપીને દિવસ– ૧૫ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨. આ કામમાં કબ્જે કરેલ મુદામાલ વાહન અપીલ સમય બાદ વાહન મુળ માલીકની ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામા આવે છે તથા છ માસ દરમ્યાન કોઈ ઈસમ ઘ્વારા કલેઈમ કરવામા ન આવે તો તેની હરાજી કરી નાણા સરકાર જમા કરવાનો હુકમ કરવામા આવે છે.

ચૂકાદો આજ રોજ રોજ ખુલ્લી અદાલતમાં વાચી, સંભળાવી, મારી સહી–સિકકો કરી જાહેર કર્યો.

**તા.૦૪/૦૮/૨૦૨૬** **જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ગઢડા.** **ગઢડા(સ્વા.)**